કબાટ લોક હોય તો તાળું તોડીને પણ પત્નીના દસ્તાવેજો પાછા અપાવવા કોર્ટનો હુકમ

પતિએ ગેરકાયદે રાખેલા પત્નીના અસલ દસ્તાવેજો પ્રોટેક્શન અધિકારી મારફતે અપાવતી કોર્ટ

સુરતઃ પતિએ ગેરકાયદેસર રીતે પોતાની પાસે રાખી મૂકેલા પત્નીના અસલ દસ્તાવેજો પ્રોટેક્શન અધિકારી મારફતે પત્નીને અપાવવા માટે કોર્ટે હુકમ કર્યો છે.

બીલીમોરા ખાતે રહેતી દિવ્યાબેનના લગ્ન નવસારી ખાતે રહેતા મિતેશભાઈ દિનેશભાઇ કૂવાવાલા (બંને પક્ષકરોના નામ બદલેલા છે.) સાથે ૩૦/૧૧/૨૦૧૭ ના રોજ નવસારી ખાતે થયા હતા. દંપતિને લગ્નજીવન થકી એક સંતાનમાં પુત્રીનો જન્મ થયો હતો. મિતેશભાઈ અને તેના પરિવારજનો લગ્નની શરૂઆતથી જ દિવ્યાબેનને ત્રાસ આપતા હતા, દિવ્યાબેન સાથે રહેવુ ન હોય અને પ્રેગ્નેન્ટ હોય તેવી હાલતમાં મિતેશભાઈ અને તેમના પરિવારજનોએ દિવ્યાબેનને ત્રાસ આપી ઘનતેરસનાં દિવસે ઘરમાંથી પહેરેલા કપડે કાઢી મુકી હતી, જેથી દિવ્યાબેને મિતેશભાઈ અને તેમના પરિવારજનો વિરુદ્ધ ગણદેવી કોર્ટમાં ઘરેલુ હિંસા અધિનિયમ હેઠળ દિવ્યાબેનનાં તમામ દર-દાગીના, અસલ દસ્તાવેજો તથા લગ્ન સમયે આપેલ તમામ કરિયાવર પતિ અને સાસરીયાઓએ તેમના કબજામાં રાખી દીધેલા, ભરણપોષણ-રહેઠાણની વ્યવસ્થા કરી ન હતી. તે બાબતે ડોમેસ્ટીક વાયોલેન્સનો કેસ કર્યો હતો. જે કેસમાં દિવ્યાબેનના અસલ ડોક્યુમેન્ટ મેળવવા માટે જેમ કે, આધારકાર્ડ, બેંક પાસબુક, અને માર્કશીટ વગેરે જેવા અગત્યના અને રોજીંદા જીવનમાં જરૂરી દસ્તાવેજો પતિ અને સાસરીવાળાઓના કબજામાંથી પરત મેળવવા માટે પત્નીએ એડવોકેટ પ્રિતી જીજ્ઞેશ જોષી મારફતે ગણદેવી કોર્ટમાં વચગાળાની અરજી હેઠળ કેસ કર્યો હતો.

જે વચગાળાની અરજીમાં બંને પક્ષ તરફે થયેલી રજુઆતો અને દલીલોને ધ્યાને લઈને ગણદેવી કોર્ટે પત્નીની વચગાળાની અરજી મંજુર કરી પત્નીના કેસમાં તમામ દસ્તાવેજો પ્રોટેક્શન અધિકારી નવસારીને હુકમ કરી પતિ અને સાસરીયાઓના ઘરના કબજાનું કબાટ ખોલાવી અને ચાવી ન હોય તો કબાટનુ તાળું તોડી કબજામાંથી પત્નીને તેના અસલ તમામ દસ્તાવેજો પરત કરાવવાનો હુકમ કર્યો હતો. અરજદાર પત્ની તરફે એડવોકેટ પ્રીતિ જિજ્ઞેશ જોષીએ દલીલો કરી હતી.

રક્ષાબંધન પર્વે એસટી વિભાગ 150થી વધુ એક્સ્ટ્રા બસ દોડાવશે

ગયા વર્ષે 110 એક્સ્ટ્રા બસ થકી 30 લાખની આવક થઇ હતી : પી.વી.ગુર્જર

સુરતઃ રક્ષાબંધનના તહેવાર નિમિત્તે મુસાફરોને સરળ અને સુવિધાજનક મુસાફરી મળી રહે તે માટે સુરત એસટી વિભાગ દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે રક્ષાબંધનના દિવસે એટલે કે 9 ઓગસ્ટે 100થી વધુ એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવશે, જેનું સંચાલન સુરત સેન્ટ્રલ બસ સ્ટેશન ખાતેથી થશે. આ પહેલાં 7 ઓગસ્ટના રોજ 40 એક્સ્ટ્રા બસો દોડાવવામાં આવી હતી.

એસ.ટી. વિભાગીય નિયામક પી.વી. ગુર્જરે જણાવ્યું કે, રક્ષાબંધનના પર્વને ધ્યાનમાં રાખીને મુસાફરોની સુવિધા માટે આ એક્સ્ટ્રા બસોનું આયોજન કરવામાં આવ્યું છે. આ બસો મુખ્યત્વે દાહોદ, ગોધરા, લુણાવાડા, અમદાવાદ, વડોદરા તેમજ સૌરાષ્ટ્રના અમરેલી અને ભાવનગર જેવા શહેરો તરફ જશે. આ એક્સ્ટ્રા બસોમાં ઓફલાઈન બુકિંગની સુવિધા ઉપલબ્ધ છે, જેમાં કંડકટર દ્વારા ટિકિટ આપવામાં આવશે, જ્યારે રેગ્યુલર બસોમાં ઓનલાઈન બુકિંગનો વિકલ્પ પણ ઉપલબ્ધ છે.

ગત વર્ષે રક્ષાબંધન દરમિયાન 110 એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવ્યું હતું, જેનાથી લગભગ 30 લાખ રૂપિયાની આવક થઈ હતી. આ વર્ષે 150થી વધુ બસોનું આયોજન કરવામાં આવ્યું છે, જેનાથી મુસાફરોને વધુ સુવિધા મળશે અને આવકમાં પણ વધારો થવાની અપેક્ષા છે.

મિત્ર સાથે 27.99 લાખનું એમડી ડ્રગ્સ લેવા ગયેલા ઉમરવાડાના યુવાનની ધરપકડ

સુરતઃ ઉમરવાડામાંથી એક યુવકને 27.99 લાખના 279.9 ગ્રામ એમડી ડ્રગ્સ સાથે ઝડપાયેલા આરોપી સાથે ડ્રગ્સ લેવા જનાર મિત્રની પણ પોલીસે ધરપકડ કરી છે.

સલાબતપુરા પોલીસ અને ઝોન -2 એલસીબીએ ઉમરવાડા નવી બિલ્ડિંગના ફ્લેટ નંબર 14 માં દરોડા પાડી ફ્લેટમાં કબાટમાં છુપાવેલુ 27.99 લાખનું 279.9 ગ્રામ એમડી ડ્રગ્સ શોધી કાઢી મોહંમદ અસલમ ઉર્ફે મારીયો મહેબૂબ ખાન પઠાણ (ઉમર.28, મૂળ ભરૂચ) વિરુદ્ધ NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી. ગત રોજ સલાબતપુરા પોલીસે બાતમી આધારે મુસ્તકીમ ઉર્ફે ચના શબ્બીર બશીર શેખ (ઉ.વ.૨૨ વર્ષ રહે. નવી ટેનામેન્ટ, ઉમરવાડા, મહેબુબા મદ્રેસાની ગલીમાં, સલાબતપુરા, મૂળ.ધુલિયા મહારાષ્ટ્ર)ને ઝડપી પાડ્યો હતો. આરોપી મોહંમદ અસલમ સાથે તામિલ પાસે તે ડ્રગ્સનો જથ્થો લેવા ગયો હતો.

ઓલપાડ-સાયણ રોડ પર પૂરઝડપે દોડતી કારના ચાલકે અડફેટે લેતા બે શ્રમિકના મોત

અકસ્માતમાં કાર ચાલકે એક બાઉક સવારને પણ અડફેટે લીધો

બંને સાઇકલ અને કાર રોડ બાજુની ગટરમાં પલટી મારી ગઇ

પોલીસે કાર ચાલકની અટકાયત કરી બ્લડનાં સેમ્પલ લીધાં

સાયણ, ઓલપાડ : ઓલપાડ-સાયણ રોડ પર હિટ એન્ડ રનની ઘટના બની હતી. જેમાં પુરઝડપે દોડતી એક કારના ચાલકે પહેલા બાઈક ચાલકને અડફેટે લીધા બાદ સાયકલ હંકારી જઈ રહેલા બે શ્રમિકોને ટક્કર મારી ઉડાવતા સાયકલ અને કાર રોડ બાજુની ગટરમાં પલટી મારી ગઈ હતી. જેથી સર્જાયેલા અકસ્માતમાં બંને શ્રમિકોના મોત થયા હતાં. જ્યારે ઈજાગ્રસ્ત બાઈક ચાલકને હોસ્પિટલમાં ખસેડાયો છે.

વારાણસીના સુરેશ શોભનાથ મોર્યા (ઉ.૪૦) ઓલપાડ માળી ફળીયાની શિવ સાંઈ રેસીડેન્સીમાં રહેતો હતો. જ્યારે આ રેસીડેન્સીમાં બિહારનો વતની મિન્ટુકુમાર યોગેન્દ્રસિંહ (ઉ.૨૮) પણ રહેતો હતો. બંને શ્રમિકો અટોદરાની શબનમ પેટ્રોફીલ્સ પ્રા.લિ.કંપનીમાં મજુરી કામ કરતાં હતાં. બંને ગત ગુરૂવારે રાત્રે નોકરીએથી છૂટી પોતાના ઘરે જવા સાયણ- ઓલપાડ રોડ ઉપર અલગ-અલગ સાયકલ હંકારી જઈ રહ્યા હતાં, ત્યારે રાત્રે ધારા ઇન્ડસ્ટીયલ-૨ કંપનીના ગેટ સામે અટોદરા તરફથી પુરઝડપે દોડતી કાર નં : જીજે ૦૫, જેએન ૭૪૮૦ ના ચાલક મુનાવરખાન ઇલ્યાસખાન પઠાણ (રહે. કુંભારવાડ, ઓલપાડ)એ બંને સાયકલને ટક્કર મારતા સર્જાયેલા અકસ્માતમાં કાર પલટી મારતા કાર સહિત બંને સાયકલ ચાલકો રોડ બાજુની ગટરમાં ફંગોળાયા હતાં. આ ઘટનામાં સુરેશ મોર્યા તથા મિન્ટુકુમારનું મોત થયું હતું. જ્યારે કાર ચાલક મુનાવરખાને સાયકલ ચાલકોને ટક્કર મારતાં પહેલા રોયલ પાર્ક રેસીડેન્સીના ગેટ સામે એક મો.સા.ને પણ અડફટે લેતા ચાલકને હોસ્પિટલ ખસેડાયો હતો.

જો કે અકસ્માત સર્જાતા લોકોએ જાણ કરતા પોલીસે આવી ક્રેઈનની મદદથી ગટરમાંથી કાર બહાર કાઢી કારના ચાલકની અટકાયત કરી હતી. આ સમયે કારનો ચાલક નશામાં હોવાની શંકાના આધારે પોલીસે તેના બ્લડ સેમ્પલ લઈ લેબમાં મોકલ્યા હોવાની માહિતી મળી છે.

આ બાબતે મૃતક સુરેશ મોર્યાના ભાણેજ વિનોદ મોર્યાએ ઓલપાડ પોલીસ મથકમાં કારના ચાલક વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી હતી. જેના પગલે તપાસ પીઆઇ સી.આર.જાદવ કરી રહ્યા છે.

તાંત્રિક વિધિ માટે ઘુવડને વેચવાની ફિરાકમાં ફરતાં પાંચ બાજીપુરાથી ઝડપાયા

પલસાણાનો 1 અને તાપી જિલ્લાના 4 આરોપીને કોર્ટમાં રજૂ કરવામાં આવતા જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલાયા

વ્યારાઃ બાજીપુરા ગામમાંથી પસાર થતા ને.હા. ૫૩ પર વ્યારા- બારડોલી જતા રસ્તા પર તા.૮/૮/૨૦૨૫નાં રોજ દુર્લભ પ્રજાતિનાં બે ઘુવડની તસ્કરી કરતાં પાંચની ધરપકડ કરવામાં આવી છે.

આ ઘુવડ તાંત્રિક વિધી માટે વેંચવાનાં હતા. અનુસુચિ- ૧ માં સુરક્ષિત વન્ય પક્ષી ઇન્ડીયન ઇગલ ઘુવડ નંગ ૨ સાથે રેન્જ ફોરેસ્ટ ઓફિસર સા.વ.વિ. મહુવાએ ઝડપી કોર્ટમાં રજુ કર્યા હતા. હાલ તમામ આરોપીઓ ઇબ્રાહીમ અબ્દુલ્હેય ડુંડા (રહે.સામરોહ, તા. પલસાણા, જી. સુરત), ઇમ્તિયાઝ અહમદ શેખ (રહે. બારડોલી, જી. સુરત), પ્રિન્સ દિનેશ ચૌધરી (જુનાગામ, સોનગઢ), ભીખુ ભેંકરા ગામીત (નવાગામ, સોનગઢ, જિ.તાપી), વિલસન ગોમા ગામીત (સેલુડ, ઉચ્છલ, જિ.તાપી), દિલીપ રામજી ગામીત (મુરાબાદ, ઉચ્છલ, જિ.તાપી)ને જ્યુડિશિયલ કસ્ટડીમાં ધકેલી દેવામાં આવ્યા છે.

માંડવીમાંથી આરોગ્યના 12 કરોડથી વધુના વિકાસકાર્યનું આજે લોકાર્પણ અને ખાતમુહૂર્ત

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ બિરસા મૂંડાની 150મી જન્મજયંતી નિમિત્તે વિશેષ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે

સુરત, માંડવીઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આવતીકાલે માંડવી રિવરફ્રન્ટ ખાતે રૂ. 12 કરોડથી વધુના વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ કાર્યક્રમ ભગવાન બિરસામુંડાની 150મી જન્મજયંતિ નિમિત્તે યોજવામાં આવશે.

માંડવી તાલુકાના દઢવાડા, ગવાછી, કેવડીયા, તુકેદ, કરવલી, ટીટોઈ અને નોગામા સહિત 7 ગામોમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સબ સેન્ટરોનું લોકાર્પણ થશે. કુલ રૂ. 2.84 કરોડના ખર્ચે બનેલા આ વિકાસકાર્યોની તાકાતે લગભગ 36,000 ગ્રામજનોને સીધી આરોગ્યસેવાઓ ઉપલબ્ધ થશે. રૂ. 9.65 કરોડના કામોનું લોકાર્પણ અને રૂ. 32 લાખના કાર્યનું ખાતમુહૂર્ત માંગરોળ તાલુકાના ઝંખવાવ, પાલોદ, વેરાકુઇ, કોસંબા, ગિજરમ, નાના નોગામા, વાંકલ, લવેટ અને મોટા બોરસરા ગામોને મળે તેવા વિકાસ કામોમાં રૂ. 9.65 કરોડના આરોગ્ય કેન્દ્રોનું લોકાર્પણ કરવામાં આવશે. ઉપરાંત, રૂ. 32 લાખના નવા આરોગ્ય સંબંધિત કામોનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવશે. આ કાર્યોથી અંદાજે 1.23 લાખથી વધુ વસ્તી લાભાન્વિત થવાની અપેક્ષા છે.

આદિવાસી વિસ્તારો માટે 'હેલ્થ એ ઈક્વલ રાઈટ'નું પ્રતીકરૂપ

રાજ્ય સરકાર દ્વારા આદિવાસી અને અંતિમ છોરના નાગરિકોને કેન્દ્રમાં રાખી આરોગ્ય સેવાઓ પહોંચાડવાનો પ્રયાસ સતત કરવામાં આવી રહ્યો છે. ખાસ કરીને આ પ્રકારની યોજનાઓથી ગામડાંના લોકોને શહેર જેવા આરોગ્યલાભ મળશે અને જીવનમાણ પણ સુધરશે.

વિધાનસભાનું ૮થી ૧૦ સપ્ટેમ્બર દરમિયાન 'ચોમાસું સત્ર' યોજાશે

ગાંધીનગર : ગુજરાત વિધાનસભાના 'ચોમાસુ સત્ર'નું રાજ્યપાલ આચાર્ય દેવવ્રત દ્વારા આહ્વાન થયું છે. જે અંતર્ગત તારીખ ૮ થી ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી ત્રણ દિવસ ૧૫મી વિધાનસભાનું સાતમું સત્ર યોજાશે. ગુજરાત વિધાનસભાએ ચોમાસું સત્ર સંબંધિત જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીએ જણાવ્યું હતું કે, ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ આજે ૧૫મી વિધાનસભાના સાતમાં સત્રનું આહ્વાન કર્યું છે. જે અંતર્ગત આગામી તા. ૮, ૯ અને ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ દરમિયાન ત્રણ દિવસ 'ચોમાસું સત્ર' યોજાશે. ગુજરાત વિધાનસભા ખાતે આગામી તા. ૨૦ ઓગસ્ટ સુધી ધારાસભ્યઓ પોતાના પ્રશ્નો ઓનલાઈન તેમજ પ્રત્યક્ષ એમ બંને પદ્ધતિથી આપી શકશે. તા. ૮ થી ૧૦ સપ્ટેમ્બર એમ ત્રણ દિવસ દરમિયાન સરકારી કામકાજમાં જી.એસ.ટી. સુધારા વિધેયક તેમજ ફેક્ટરી એક્ટ સુધારા વિધેયકના વટ હુકમ વિધાનસભામાં રજૂ થશે.

નર્મદ યુનિ.ની કેમેસ્ટ્રીની લેબમાં કોબ્રાની એન્ટ્રી, સ્ટાફ અને વિદ્યાર્થીઓનો પરસેવો છૂટી ગયો

નાગ ઈન્ડિયન સ્પેક્ટેકલ કોબ્રા ઝેરી હતો, લેબના એક ખૂણામાં લપાયેલો હતો

જીવદયા સંસ્થાને જાણ કરતાં તેને સ્ટિક સાથે બાંધેલી ઝોળીમાં સંપૂર્ણ સલામતીથી પકડી તેને કુદરતી વસાહતમાં છોડી મુકાયો

સુરતઃ શહેરની વી.એન.એસ.જી. યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ કેમિસ્ટ્રીમાં આજે એક અણધારી ઘટના બની હતી. યુનિવર્સિટીની લેબોરેટરીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો પરસેવા છૂટી ગયો હતો. લેબના એક ખુણાંમાં ઇન્ડિયન સ્પેક્ટેકલ કોબ્રા (નાગ) જોવા મળ્યો હતો.

ઝેરી સાપની હાજરીથી લેબમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. વિવિધ કેમિકલ્સ અને સાધનોથી ભરેલી લેબમાં નાગની અચાનક હાજરીથી કોઈ અઘટિત દુર્ઘટના ઘટે તે પહેલાં હાજર કર્મચારીઓ અને વિદ્યાર્થીઓએ તુરંત સાવચેતી દાખવી હતી. ત્યાં હાજર એક સ્ટાફ સભ્યે તાત્કાલિક જીવદયા હેલ્પલાઈનનો સંપર્ક કર્યો હતો. જીવદયા સંસ્થામાંથી તુરંત જ અનુભવી સ્વયંસેવકોની ટીમ સ્થળ પર પહોંચી હતી અને યોગ્ય સાધનો તેમજ તકનીકી જાણકારી સાથે તેઓએ નાગને સંપૂર્ણ સલામતી સાથે સ્ટિક સાથે બાંધેલી ઝોળીમાં પકડ્યો હતો અને રેસ્ક્યુ કર્યો હતો.

સમગ્ર પ્રક્રિયા દરમિયાન કોઇને પણ ઇજા થઈ ન હતી, જે મહત્ત્વની વાત છે. નાગને યોગ્ય તકનીકથી પકડીને તેને તેની કુદરતી વસાહત તરફ છોડવાની કામગીરી પણ તરત હાથ ધરાઈ હતી. યુનિવર્સિટીનો આજુબાજુનો સમગ્ર વિસ્તાર લીલોતરીવાળો છે. જ્યાં આવા ખતરનાક સાપો નીકળ્યા કરે છે. જો કે કેમ્પર્સ પરિસરમાં જીવદયા સંસ્થા અવેરનેસ કેમ્પેઇન ચલાવીને વિદ્યાર્થી તથા સ્ટાફને આવી ઘટના બને ત્યારે કેવા ભરવા તે માટે માહિતગાર કરતી રહે છે.

નાયલોન યાર્ન પર બેઝિક કસ્ટમ ડ્યૂટી વધારવા અથવા મિનિમમ ઈમ્પોર્ટ પ્રાઈસ નક્કી કરવા સામે વિવર્સનો વિરોધ

ચેમ્બરમાં યોજાયેલી સ્પિનર્સ અને વિવર્સ વચ્ચેની બેઠકમાં વિવર્સનો એક જ સૂર, MIPની કોઈ જરૂર નથી, BCDનો સ્લેબ વધવો ન જોઈએ

કાર્ટેલ રચી સ્પિનર્સ વિવર્સનું કેવું શોષણ કરે છે, એ પોલિએસ્ટર યાર્ન પર BISનાં QCO લાગ્યા પછી જોયું છેઃ મયૂર ગોળવાલા

સુરતઃ પોલિએસ્ટર યાર્ન પર ક્વોલિટી કંટ્રોલ ઓર્ડર લાગુ થયા પછી સુરતની MMF આધારિત વિવિંગ ઈન્ડસ્ટ્રી ભીંસમાં છે. ત્યાં નાયલોન સ્પિનર્સ એસોસિએશને ચેમ્બરની મધ્યસ્થીમાં શહેરના વિવિંગ ઉદ્યોગના આગેવાનો અને સુરત નાયલોન વિવર્સ એસોસિએશનનાં આગેવાનો સાથે બેઠક યોજી હતી.

નાયલોન સ્પિનર્સનું કહેવું છે કે, ટેકસટાઈલ, નાણાં, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે આયાતી યાર્ન અંગે કોઈપણ નિર્ણય લેતા પહેલા સ્પિનર્સ અને વિવર્સ ભેગા મળી કોઈ સહિયારો નિર્ણય લઈ આવે. આવું સૂચન સ્પિનર્સ દ્વારા DGTR (Directorate General of Trade Remedies)માં ફાઈલ કરેલી પિટિશનના ઉપલક્ષમાં કરવામાં આવ્યું હતું. એ સંદર્ભે આજે ચેમ્બર પ્રમુખ નિખિલ મદ્રાસી, ઉપપ્રમુખ અશોક જીરાવાળા, ગ્રુપ ચેરમેન આશિષ ગુજરાતી, સુરેશ પટેલ, નાયલોન સ્પિનર્સ એસો.નાં અગ્રણી સંજય તોડીની હાજરીમાં સ્પિનર્સ અને નાયલોન વિવર્સ આગેવાનોની બેઠક યોજાઈ હતી.

બેઠકમાં સ્પિનર્સ દ્વારા નાયલોન યાર્ન પર બેઝિક કસ્ટમ ડ્યુટી વધારવા અથવા મિનિમમ ઈમ્પોર્ટ પ્રાઈસ નક્કી કરવા સરકારને સહમતિ આપવાની દરખાસ્ત સામે અગ્રણી વિવર મયુર ગોળવાલા, વેડરોડ વિવર્સ એસો.નાં ઉપપ્રમુખ ભૂપેન્દ્ર ચાહવાળા, નાયલોન વિવર્સ એસોસિએશનના પ્રમુખ મયુર ચેવલી, સેક્રેટરી વિમલ બેકાવાલાએ નાયલોન વિવર્સ વતી વિરોધ નોંધાવતા સ્પષ્ટ જણાવ્યું હતું કે, આ દરખાસ્ત નાયલોન વિવર્સના હિતમાં નથી, બલ્કે નાયલોન વિવર્સને નુકશાનકર્તા છે.

સચિન ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીના સેક્રેટરી અને અગ્રણી વિવર્સ મયુર ગોળવાલાએ જણાવ્યું હતું કે, નાયલોન સ્પિનર્સની બદદાનત આયાતી સસ્તા નાયલોન યાર્નને ઈમ્પોર્ટ થતું અટકાવવાની છે. ડોમેસ્ટિક નાયલોન સ્પિનર્સ નાયલોન યાર્નની ડિમાન્ડને પહોંચી શકતા નથી ત્યારે હાલ નાયલોન યાર્ન પર લાગુ 5% બેઝિક કસ્ટમ ડ્યુટી વધારવાની કોઈ જરૂર નથી.

જાહેરનામુ
મહેસુલ વિભાગ
ગુજરાત સરકાર
સચિવાલય ગાંધીનગર

(રાજ્ય સરકારને મળેલ સત્તાની રૂએ પ્રસિધ્ધ કરવાના કલમ-૧૧ નું જાહેરનામાનો મુસદ્દો)
જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ - ૨૦૧૩ (૨૦૧૩ નો ૩૦મો)

જિલ્લોઃ તાપી
કમાંક : અમ-મ-૨૦૨૫-૪૩૮-જતપ-૧૭૨૦૨૪-૮૨૩-ધ

9 JUL 2025

તા. /૦૭/૨૦૨૫

જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩ નો ૩૦મો) ની કલમ - ૧૧ ની પેટા-કલમ (૧) (હવે પછી તેનો ઉલ્લેખ "અધિનિયમ" તરીકે કરવામાં આવશે) ગુજરાત સરકાર આથી જાહેર કરે છે કે આ સાથે જોડેલ પરિશિષ્ટમાં બતાવવામાં આવેલ જમીનની જાહેર હિતના હેતુ માટે એટલે કે, "ઉકાઇ ડાબા કાંઠા હાઇ લેવલ મેઇન કેનાલ પુર્ણા ટુ અંબિકા એક્ષટેન્શન સાંકળ ૫૧૧૧૦ મીટર થી ૫૧૩૯૦ મીટર"નાં કામે સંપાદિત કરવાની થતી જમીન જાહેર હેતુ માટે જરૂર છે.

૨. આથી જાહેર કરે છે કે,
(૧) ઉપર જણાવેલ પરિયોજના માટે જરૂરી જમીનોનો કુલ વિસ્તાર ૦-૨૭-૩૦ હે.આરે.ચો.મી. છે અને તે તાપી જિલ્લાના ડોલવણ તાલુકાના ભોજપુરદુર ગામ ખાતે આવેલ છે.
(૨) ઉપરની પરિયોજનામાં નીચે મુજબના જાહેર હિતનો સમાવેશ થાય છે : "ઉકાઇ ડાબા કાંઠા હાઇ લેવલ મેઇન કેનાલ પુર્ણા ટુ અંબિકા એક્ષટેન્શન સાંકળ ૫૧૧૧૦ મીટર થી ૫૧૩૯૦ મીટરનાં બાંધકામ માટે જમીન સંપાદન."
(૩) અસરગ્રસ્ત વ્યકિતોને ખસેડવાની જરૂરના કારણો નીચે મુજબ છેઃ- લાગુ પડતું નથી.
(૪) ગુજરાત અધિનિયમ-૧૨/૨૦૧૬ની કલમ-૧૦(એ) હેઠળ મહેસુલ વિભાગ,ગાંધીનગર, ગુજરાત સરકારના જાહેરનામા કમાંકઃઅમ-મ-૨૦૨૪-૪૦૮-જતપ-૧૭૨૦૨૪-૮૨૩-ધ તા.૨૬/૦૭/૨૦૨૪થી મુકિત આપવામાં આવેલ છે. આથી ઉકત અધિનિયમની કલમ-૧૦(એ) હેઠળ સામાજિક અસર મુલ્યાંકનનો સંક્ષિપ્ત અહેવાલ આપવો જરૂરી નથી.
(૫) આ અધિનિયમની કલમ-૪૩ હેઠળ નિયુકત કરવામાં આવેલ વહીવટકર્તાની વિગતો નીચે મુજબ છેઃ-
નાયબ કલેકટર અને પ્રાંત અધિકારી,વ્યારા જિ.તાપી

૩. આ જમીનોમાં હિત ધરાવતી બધી વ્યકિતોને આથી જાણ કરવામાં આવે છે કે, કોઇ પણ સર્વેયરને અથવા અન્ય કર્મચારીઓને આ જમીન પર દાખલ થવા અને જમીનનો સર્વે કરતા અટકાવવા નહી. આ જાહેરનામું બહાર પાડયા બાદ કલેકટરની પરવાનગી વગર આ જમીનની કે તેના કોઇ ભાગની કોઇપણ સ્વરૂપે તબદીલી જેમાં વેચાણ, ભાડાપટ્ટે આપવી, ગીરવે મુકવી, નામ બદલવું અથવા નોંધણીમાં ફેરફાર કરવા નહી. જો તેમ કરવામાં આવે તો અધિનિયમની કલમ-૨૭ હેઠળ જમીન સંપાદન વખતે વળતરનું મુલ્યાંકન કરતી વખતે આવા ફેરફાર પર વિચારણા કરવામાં નહી આવે.

૪. ગુજરાત સરકારને જો ઉપર જણાવેલ હેતુ માટે જમીન સંપાદન કરવા અંગે સંતોષ થશે તો અધિનિયમની કલમ-૧૯ હેઠળ, અધિનિયમમાં નિયત કરેલ સમયમર્યાદાની અંદર આખરી જાહેરનામું બહાર પાડશે. જો સંપાદન કરવાનું આંશિક રીતે અથવા પૂરેપૂરી રીતે રદ કરવામાં આવે તો આવી હકીકત અધિનિયમની જોગવાઇ મુજબ યોગ્ય રીતે જાહેર કરાશે.

૫. અધિનિયમની કલમ-૩ ના ખંડ(જ) હેઠળ મળેલી સત્તાની રૂએ રાજ્ય સરકાર આ જમીનોના સંબંધમાં આ અધિનિયમની જોગવાઇઓ હેઠળ કાર્ય કરવા અને ફરજો બજાવવા નાયબ કલેકટર અને પ્રાંત અધિકારી, વ્યારા જિ.તાપીને કલેકટર તરીકેની ફરજો બજાવવા માટે નિયુકત કરે છે.

૬. આ જાહેરનામા પ્રસિધ્ધિની તારીખથી ૬૦ દિવસની અંદર, આ અધિનિયમની કલમ-૧૫ મુજબ જો કોઇને સંપાદન બાબતે વાંધો હોય તો તેઓ કલમ-૧૫ હેઠળ કલેકટર અથવા નાયબ કલેકટર અને પ્રાંત અધિકારી, વ્યારા જિ.તાપીને કલેકટરને રજુઆત કરી શકશે.

અનુસુચિ
જિલ્લો : તાપી તાલુકો : ડોલવણ ગામઃ ભોજપુરદુર

અ.નં.	બ્લોક નંબર/સર્વે નંબર	જરૂરી જમીનનો વિસ્તાર-હે.આર.ચો.મી.
૧	૧૯૦	૦૦-૦૦-૭૯
૨	૧૯૧	૦૦-૨૬-૫૧
કુલ :-		૦-૨૭-૩૦

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,
(રાજ નમેરા)
કમાંક : માહિતી-સૂરત/૬૫૯/૨૦૨૫ સરકારના ઉપસચિવ

અનુસંધાન ... પાના છેલ્લાનું

સુરતની ખ્યાતનામ...

માટે લેબમાં મોકલી આપવામાં આવ્યા હતા, જેનો આજે આવેલો રિપોર્ટ ચોંકાવનારો રહ્યો છે. પાલિકા દ્વારા લેવાયેલા સેમ્પલોમાં આઠ સંસ્થાના કુલ 10 નમૂના ફેઈલ નીકળ્યા છે. દૂધના માવાના સેમ્પલ ધારાધોરણ મુજબ ન હતા, તેમાં વેજીટેબલ ફેટનું પ્રમાણ વધારે હતું.

વધુ પડતા...

ખાઈને આપઘાત કરી લીધો હતો.

અડાજણ પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, અડાજણ હનીપાર્ક રોડ ઉપર આવેલા તૃપ્તિ પાર્કમાં કશ્વી વિપુલ પટેલ (19 વર્ષ) માતા તેમજ બહેન સાથે રહેતી હતી. તે સાર્વજનિક કોલેજના ત્રીજા વર્ષમાં એન્જિનિયરિંગનો અભ્યાસ કરતી હતી. તેમજ તેની માતા રાંદેર ખાતે સરકારી સ્કૂલમાં આચાર્યા તરીકે ફરજ બજાવે છે. તેને ડિપ્રેશનની બીમારી હતી. તેમજ તે વધારે લોકોને એક સાથે જોઈ લે, તો તણાવમાં આવી જતી હતી અને એકલા જ રહેવાનું જ ગમતું હતું. જેને પગલે તેની દવા પણ ચાલતી હતી. દરમિયાન ગુરુવારે સવારે તેએ બેડરૂમમાં પંખા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. બનાવને પગલે અડાજણ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

કોટા ડેવલપમેન્ટ...

નાણાકીય સંકટના કારણે બંધ થઈ ગઈ હતી. 2007માં અરાફાત ગ્રુપે રાજ્ય સરકાર પાસેથી રાહત દરે લીઝ પર 227 એકર જમીન લીધી હતી અને એક વર્ષની અંદર ઉદ્યોગ શરૂ કરવાનું શરતી કરારનામું કર્યું હતું. પરંતુ આજ સુધી કોઈ ઉત્પાદન શરૂ થયું નહીં અને મશીનરીનું પણ ગેરકાયદે વેચાણ કરવામાં આવ્યું હતું. એટલે કે ફેક્ટરી છેલ્લા 18 વર્ષથી બંધ હતી. અંતે સરકારે આ જમીન પરત લેવાનો નિર્ણય લીધો હતો અને કોટા ડેવલપમેન્ટ ઓથોરિટી (KDA)એ ફાળવેલી 227 એકર જમીનનો કબજો પરત લઈ લીધો છે.

ઉલ્લેખનીય છે કે, કંપનીના ડિરેક્ટરોમાં સુરતના જાણીતા બિઝનેસમેન મોહમ્મદ ઉમર જનરલ, મોહમ્મદ યુસુફ લીલામવાલા અને મોહમ્મદ જુનૈદ જનરલ સહિતના નામ છે. કોટાના ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનમાં ઇન્દ્રમલ જૈન નામના રહેવાસીએ ફરિયાદ નોંધાવી હતી કે, કંપનીના ડિરેક્ટરો અને અન્ય અધિકારીઓએ ગુપ્ત રીતે ફેક્ટરીમાંથી 387 કરોડ રૂપિયાની મશીનરી તોડીને વેચી નાંખી છે. DSP પંચમ કોટાના લોકેન્દ્ર પાલીવાલ દ્વારા પુષ્ટિ કરાઈ છે કે આરોપીઓ વિરુદ્ધ IPCની જોગવાઈ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે અને તપાસ ચાલુ છે.

અરાફાત ગ્રુપ સામે હરિયાણામાં પણ ભ્રષ્ટાચારની તપાસ?

સૂત્રોના હવાલાથી જાણ થઈ છે કે હરિય